# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૩ | ૨૦૧૮ : એપ્રિલ
અંક : ૪ | આજીવન : રૂ. ૧૦૦૦/-



**: તંત્રી :**

**શ્રી મહાવીરપ્રસાદ એમ. દેસાઈ**

"શ્રી બ્રહ્મધામ", મહિલા સ્વામિનારાયણ મંદિર પાસે,

મહુધા-૩૮૭૩૩૫ ફોન : ૦૨૬૮-૨૫૭૨૦૪૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/–

| | | | |
|---|---|---|---|
| ૧. | પાર્થ રમેશચંદ્ર ઠાકર | નડીયાદ | ૪૬૦૪ |
| ૨. | હિરેન યોગેશકુમાર પંડ્યા | અમદાવાદ | ૪૬૦૫ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. શ્રી કનુભાઈ એ. ઠાકરની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી ઈન્દીરાબેન કનુભાઈ ઠાકર | નડીયાદ | ૧૫૫૧/– |
| ૨. | સ્વ. શ્રી કાન્તાબેન સી. દવેની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી શીલાબેન એન. જોષી | અમદાવાદ | ૧૫૫૧/– |

### સુધારો

- માર્ચ. –૨૦૧૯ની પુસ્તિકા પાના નં. ૬ પર વિશિષ્ટ સહાય ફંડમાં મુખ્ય નામ શ્રી હરીલાલ ગણપતરામ ઠાકરની જગ્યાએ શ્રી ચીનુલાલ હરિલાલ ઠાકર વાંચવું.
- માર્ચ – ૨૦૧૯ની પુસ્તિકા પાનં નં. ૧૭ પર કુ. દેવલબહેન દવેના જન્માક્ષમાં જન્મતારીખ ૨૭/૨૮–૦૯–૧૯૯૮ છપાયેલ છે. તેની જગ્યા એ ૨૭/૨૮–૦૩–૧૯૯૮ વાંચવું.
- માર્ચ – ૨૦૧૯ની પુસ્તિકા પાનં નં. ૧૯ પર કું. શ્રદ્ધા દિપકભાઈ જોષીના જન્માક્ષરમાં નોંધ – નિર્દોષ છુટાછેડા છે તે ધ્યાને લેવું.

### અવસાન નોંધ

- અમદાવાદ નિવાસી શ્રીમતિ ઈન્દુબેન મણીલાલ દેસાઈનું તા. ૦૬–૦૪–૨૦૧૯ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમના કુટુંબીજનો તરફથી રૂ. ૨૫૧/– પત્રિકાને સ્મૃતિભેટ મળેલ છે.
- સ્વ. પૂ. વાસુદેવ મોતીલાલ શેલત (ઉમરેઠ) હાલ વડોદરા ઉં. ૯૫ ફાગણ સુદ–૧૧ને રવિવાર તા. ૧૭–૦૩–૨૦૧૯ના રોજ વડોદરા દેવલોક પામ્યા છે. સદ્‌ગતની સ્મરાંણજલિમાં પત્રિકાને રૂ. ૨૫૧/– સ્મૃતિભેટ મળેલ છે.
- આણંદ નિવાસી શ્રી પ્રફુલચંદ્ર શાન્તિલાલ દવે તારીખ ૧૨–૩–૨૦૧૯ના રોજ કેનેડા મુકામે ૬૬ વર્ષની ઉંમરે અવસાન પામ્યા છે. તેમના પરિવાર દ્વારા બાજખેડાવાળ પત્રિકાને રૂ. ૧૫૧/–નું દાન મળેલ છે.

# તંત્રી લેખ...

*શ્રીમદ ભગવદગીતાનું મહાત્મ્ય અવર્ણનીય છે, રહસ્યમય છે અને સકળ વેદોના સાર રૂપ છે. આજીવન નિરંતર ઊંડો અભ્યાસ કરવા છતાંયે એનો તાગ કે પાર પામી શકાતો નથી. રોજેરોજ અવનવા અર્થો અને ભાવો એમાંથી ઉપજતાં જ રહે છે. ભગવાનના અપ્રતિમ ગુણ, પ્રભાવ અને મર્મનું વર્ણન વાંચતા એકદમ એકાગ્રચિત્ત થઈ જતાં ઊંડી શ્રદ્ધા અને ભક્તિના ભાવો ઉમટે છે. ગીતા તો સાક્ષાત ભગવાનના મુખારવિંદમાંથી નિસરેલી વાણી છે. જેનું સંકલન વ્યાસજીએ કર્યું છે. ગીતાનો હર એક શબ્દ, સદુપદેશ ધરાવે છે. ગીતા ભગવાનનો શ્વાસ છે, હૃદય છે અને એમની વાંગમયી મૂર્તિ છે. જે કોઈનાં હૃદય, વાણી, શરીર અને સઘળી ઈન્દ્રિયો તથા ક્રિયાઓમાં ગીતાભાવ ઉતરી જાય એ માણસ સાક્ષાત ગીતાની મૂર્તિસમ બની જાય એનાં દર્શન, સ્પર્શ, ભાષણ, ચિંતન, આજ્ઞાપાલન અને અનુકરણ કરવા થકી બીજા માણસો પણ પવિત્ર બની જાય. ગીતાજીની તોલે આ ફાની સંસારમાં ખરેખર કોઈ જ યજ્ઞ, દાન, તપ, તીર્થ, વ્રત, સંયમ કે ઉપવાસ કશું જ નથી.*

*આ ગીતાશાસ્ત્ર હર એક મનુષ્યમાત્ર માટે સહજ સુલભ છે. પછી તે કોઈપણ જ્ઞાતિ, જાતિ, વર્ણ, વર્ગ કે આશ્રમનો કેમ ના હોય, ફક્ત જરૂરી બને છે એના હૃદયમા ભગવાન પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને ભક્તિભાવ. હર કોઈ માનવી ગીતા દ્વારા ભગવાન પ્રતિ પરાયણ થઈને પરમ ગતિને પામી શકે છે અને પોતપોતાનાં સ્વાભાવિક કર્મો વડે પરમ સિદ્ધિને પામી શકે છે. આમ ગીતા કહે છે કે પરમાત્માની પ્રાપ્તિ એ તો સહુ કોઈનો સહજ અધિકાર છે.*

*આપણે સહુ પૂરેપૂરી શ્રદ્ધા અને ભક્તિભાવ સહિત શ્રીમદ્ ભગવદ ગીતાનું વાંચન, મનન અને અધ્યયન કરીશું તો અતિ દુર્લભ એવા આ માનવશરીરની અમૂલ્ય ક્ષણોને ભગવદાજ્ઞાનુસાર સાર્થક બનાવી શકીશું.*

**લિ. મહાવીરપ્રસાદ દેસાઈ**
**તંત્રી - બાજખેડાવાળ પત્રિકા**
**સંકલન - શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન - આણંદ મુકામે

૩૨મું રાષ્ટ્રીય અધિવેશન બાજખેડાવાળ જ્ઞાતિની કર્મભૂમિ સમાન આણંદમાં યોજનાર છે. આ અધિવેશન શ્રી બાજખેડાવાળ મંડળ-આણંદના યજમાન પદે સરદાર પટેલ બેન્કવેટ હોલ, ડી.ઝેડ. પટેલ સ્કૂલ સામે, ૮૦ ફૂટ રોડ, આણંદ ખાતે અવિસ્મરણીય અધિવેશન યોજાશે એમાં શંકાને સ્થાન નથી. તો આવો આપણે સૌ મોટી સંખ્યામાં હાજર રહીને અધિવેશનને સફળ બનાવીએ.

હિતવર્ધક સભા દ્વારા જ્ઞાતિ સમાજની વિધવા, ત્યક્તા તથા નિ:સહાય બહેનોને રૂ. ૧૫ થી શરૂ કરેલ વિશિષ્ટ સહાય ક્રમશઃ વધારે કરવામાં આવેલ ૨૦૦૪ પહેલાં આ રકમ ૧૮૦/- માત્ર હતી જે આપ સૌના સાથ અને સહકાર થી વધારો કરતા કરતા ૧-૪-૧૮થી પ્રતિમાસ રૂ. ૧૨૦૦/- આપવાનું શરૂ કરેલ છે. હાલની મોંઘવારીમાં ૧૨૦૦/- રૂ.ની રકમ ઘણી નાની કહેવાય આ રકમમાં વધારો કરવા માટે હિતવર્ધક સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યોશ્રીઓ અલગ અલગ ગામોમાંથી આવતા હોવાથી હિતવર્ધક સભાના માત્ર ને માત્ર વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે અને રહેશે.

અધિવેશનો યોજવા માટે આયોજકો દ્વારા ખૂબ જ મહેનત ઉઠાવવામાં આવતી હોય છે. અંદાજીત વ્યક્તિ દીઠ રૂ. ૪૦૦/- થી રૂ. ૪૫૦/-નો ખર્ચ થતો હોય છે. આ રકમ ભેગી કરવા દાતાશ્રીઓ, ઉદ્‌ઘાટકશ્રીઓ, મુખ્ય મહેમાનશ્રીઓ તથા અતિથિ વિશેષશ્રીઓ દ્વારા રકમો મળતી હોય છે. અત્યાર સુધીના અનુભવ પ્રમાણે "સૌનો સાથ, જ્ઞાતિનો વિકાસ" પ્રમાણે અધિવેશનના ખર્ચની રકમ બાદ કરતા વધારાની રકમ વિશિષ્ટ સહાય ફંડમાં જમા થતી હોય છે જે હિતવર્ધક સભાના અધિવેશન અંકમાં દર્શાવેલ છે. જેથી તે અંગે વધુ કંઈ કહેવાની જરૂર નથી.

આ બધી પરીસ્થીતી હોવા છતાં વધુમાં વધુ જ્ઞાતિજનો અધિવેશનમાં હાજર રહે અને જ્ઞાતિ સમાજથી પરસ્પર સંબંધો કેળવાય તેવા શુભ આશયથી આપની પાસેથી માત્ર રૂ. ૧૦૦/- ટોકન લેવામાં આવે છે ગામે ગામના મંડળોના વહીવટદારો આપ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહો તેવા નમ્ર પ્રયાસ થતા હોય છે અધિવેશન દૂર હોય છે ત્યારે ગામના મંડળો દ્વારા આવવા જવાની બસની વ્યવસ્થા પણ પુરી પાડવામાં આવતી હોય છે. આયોજકો તે અંગે સતત જાગૃત હોય છે. આપ સૌ જ્ઞાતિજનોને નમ્ર વિનંતી કરવાની કે આગામી રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૯-૧૨-૨૦૧૯ના રોજ આણંદ ખાતે વધુ સંખ્યામાં હાજર રહી પ્રોત્સાહીત કરો અને સુંદર સમાજ જીવનની યાદગાર પળો માણવાનો મોકો અને લ્હાવો લો તેવી વિનંતી છે

આગામી અધિવેશનમાં એક પંથ દો કાજ જેવી પરીસ્થીતિનું નિર્માણ થાય છે. જ્ઞાતિ ગંગાના મેળાવડામાં પાવન થવાનો અને બપોરના સમયે ભોજન બાદ દુનિયાની સુપ્રસિદ્ધ અમૂલ ડેરી દર્શનનો અમૂલ્ય લાભ મળશે. આગામી અધિવેશનના પાસો ગામે ગામના પ્રમુખોને મોકલી આપવામાં આવેલ છે. અમારી જાણ મુજબ ઘણા ગામો દ્વારા આગામી અધિવેશનના પાસ વિનામૂલ્યે આપવાનું આયોજન કરવામાં આવેલ છે. તો સમયસર પાસ મેળવી લેશો અને જ્ઞાતિ સમાજ પ્રત્યેની પ્રાથમિક ફરજ અદા કરી અમોને પ્રોત્સાહિત કરશો.

અધિવેશનના મુખ્ય મહેમાન રૂ. ૨૫,૦૦૦/- તથા અતિથિ વિશેષશ્રી રૂ. ૧૧૦૦૦/-ની સેવા લેવામાં આવશે. જેમાં તેઓનો બાયોડેટા ફોટો પત્રિકામાં છાપવામાં આવશે. અધિવેશનના ડાયસ પર આપને સ્થાન આપવામાં આવશે તથા દાનની રકમ મુજબ ફ્રી પાસ આપવામાં આવશે. (આપના સદ્‌ગત માતા-પિતાશ્રીના બાયોડેટા તથા ફોટો પત્રિકામાં છપાવી આપશ્રી ડાયસ પર બેસી શકો છો.)

| | | |
|---|---|---|
| **રાજેશભાઈ દવે** | **જગતભાઈ દવે** | **અરૂણભાઈ શેલત** |
| **પ્રમુખશ્રી** | **મંત્રીશ્રી** | **અધ્યક્ષશ્રી** |

**યજમાન - શ્રી બાજખેડાવાળ મંડળ-આણંદ**

## યોગ - જીવનમાં સાચું સુખ પામવાનો મંત્ર

યોગ એ એકમાત્ર મહામંત્ર છે જેના થકી તમે જીવનમાં હર પ્રકારનાં સાચાં સુખ પ્રાપ્ત કરી શકો છો. નાનામાં નાના પ્રકારના શારીરિક કે માનસિક દર્દ કે વિટમ્બણાંઓથી તમે મુક્તિ પામી શકો છો. હર પ્રકારની હતાશાને દૂર કરી માનસિક શાતા અને આધ્યાત્મિક શાંતિને પામી શકો છો.

પરિણામ સ્વરૂપ આપનું જીવન અને જીવનની હર પલ, સાચા સુખને સમર્પિત થઈ જાય છે

યોગ દ્વારા તમે તમારા શરીરનો ઉપયોગ કરીને મન અને આત્મા સુધી પહોંચી શકો છો. જે તમારી હર વિટંબણાઓને દૂર સુદૂર ધકેલી દે છે અને તમને નવું જીવન પૂરું પાડે છે. તમારી હર શારીરિક ઈન્દ્રિયોમાં નવા જોમ અને જોશનો સંચાર થાય છે, શરીરના હર એક સાંધાઓ સુપેરે કામ કરે છે અને તમે ખૂબ જ સરળતાપૂર્વક હર પ્રકારની શારીરિક, માનસિક અને આધિભૌતિક ક્રિયાઓ સુપેરે આટોપી શકો છો.

યોગના નિયમિત અભ્યાસ થકી તમે યોગને તમારા દૈનિક જિવનક્રમનું એક અભિન્ન અંગ બનાવી લેશો તો હરદિન હરપલ તમને હર પ્રકારની અવનવી લબ્ધીઓ પ્રાપ્ત થતી જ રહેશે. યોગ દ્વારા તમે તમારા મન, શરીર અને આત્માની અદષ્ટ અને અલભ્ય શક્તિઓ અને ઉપલબ્ધીઓનો પૂરેપૂરો લાભ મેળવી શકો છો.

યોગ જો તમારા જીવનનું સંગીત અને તાલ બની જાય તો તમારા મને અને આત્મા સાથે તમે પૂરેપૂરું તાદાત્મ્ય સાધી શકો છો અને આત્મા સાથે અનુકૂલન સાધીને ઉચ્ચ અને ઉદાત્ત જીવનનો અપ્રતિમ આનંદ પામી શકો છો.

યોગનો જીવનમાં લાભ પામવા માટે તમે તાડાસન, ત્રિકોણાસન, વૃક્ષાસન, પદ્માસન, સુખાસન, મકરાસન, ભુજંગાસન, શલભાસન, અર્ધશલભાસન, શવાસન, અધોમુખ શવાસન, પવનમુક્તાસન જેવા સાવ હળવાં આસનોનો નિયમિત અભ્યાસ કરીને પ્રવિણ બની આ સઘળો લાભ પામી શકો છો.

**- શ્રી જગતભાઈ દવે**

# વાંચવા જેવું...

**આ વાંચવા જેવું છે. સંતોશ થશે. કુદરતે આપણને જે સમયમાં (૧૯૪૦–૧૯૯૦) જન્મ આપ્યો તે તેમની કેટલી મહેરબાની છે આપણા ઉપર.....**

- આપણે ક્યારેય રમતી વખતે કે સાયકલ ફેરવતી વખતે કોઈ દિવસ હેલમેટ પહેરવી પડી નથી.
- શાળાએથી આવ્યા પછી દિ આથમ્યા સુધી આપણે શેરીઓમાં રમતા પણ ક્યારેય પોતાની રૂમ બંધ કરીને ટી.વી. જોવા બેઠા નથી.
- આપણે ફક્ત આપણા વાસ્તવિક મિત્રો સાથે જ રમ્યા છીએ પણ NET FRIEND સાથે નહિ.
- જ્યારે પણ તરસ લાગી ત્યારે સીધું નળનું જ પાણી પીતા, અને ફરી રમવા દોડી જતા.
- મિત્રો સાથે એ જ ગ્લાસમાં પાણી કે શરબત પીતા તો પણ ક્યારેય બિમાર પડ્યા નથી
- ખોબો ભરીને મિઠાઈ કે વાટકા ભરીને દાળ–ભાત રોજ જમી જતા તો પણ ક્યારેય Obey-City ની તકલીફ થઈ નથી.
- ખુલ્લા પગે બધે રખડતા તો પણ કંઈ થતું નહિ.
- આપણે જાતે જ આપણા રમકડા બનાવતા અને તેનાથી રમવામાં અનેરો આનંદ માણતા.
- આપણા માતા–પિતા માલદાર ન હતા પણ તેઓ પૈસા કે સંપતિ માટે દોડ્યા નહિ પણ આપણને સાચો પ્રેમ આપ્યો, નહિ કે નિર્જીવ દુન્યવી પદાર્થ.
- આપણા પાસે Cellphones, DVDs, Play Stations, XBoxes, Video Games, Personal Computers, Internet, Chat ન હતા પરંતુ તેનાથી પણ વધુ સાચા મિત્રો હતા.
- આપણા મિત્રોના ઘરે ગમે ત્યારે પહોંચી જતા અને સાથે જમતાં પણ ક્યારેય તેમના ઘરે જવા ફોન કરીને પૂછવું નથી પડ્યું.
- સંબંધીઓ ખૂબ નજીક હતા તેથી આપણા દિલ ખુશ હતા તેથી ક્યારેય Life Insurance ની જરૂર નથી પડી.
- તે સમયમાં આપણે Black & White ફોટામાં હતા પણ આજે તેમાં પણ રંગબેરંગી સ્મૃતિઓ જોઈ શકીએ છીએ.

**Message ના છેલ્લા બોલ**

- આપણે વિશિષ્ટ અને એકબીજાને સમજતી પેઢી હતા, કારણે આ છેલ્લી પેઢી હતી કે જે માતા–પિતાનું સાંભળતા હતા અને સૌથી પહેલી પેઢી છીએ કે જેમણે દીકરા દીકરીનું સાંભળવું પડે છે અને Please અને Sorry વારે વારે કહેવું પડે છે.

# પિતાની પુત્રને શિખામણ

માતા-પિતાની શિખામણ તેમના યુવાન સંતાનો ભાગ્યે જ માનતા હોય છે અને છતાં દરેક પિતાને પોતાના પુત્રને શિખામણ આપવાની ઈચ્છા થયા જ કરે છે. કેટલાક પુત્રો પિતાની શિખામણ સાંભળી લે છે અને સામે કોઈ પ્રતિભાવ આપતા નથી, કેટલાક તે હસી કાઢે છે તો કેટલાક તેની સામે દલીલો કરે છે અને કેટલાક તો રીતસરનું બંડ જ પોકારે છે. જો કે એ પુત્રો જ્યારે મોટી ઉંમરના થાય છે અને એમના પુત્રો યુવાન થાય છે ત્યારે એમને પણ એ રીતે જ શિખામણ આપવાની ઈચ્છા થયા વગર રહેતી નથી એ વખતે પિતાએ આપેલી કેટલીક શિખામણ એમને યાદ પણ આવે છે.

અને આ બાબતમાં એક નવાઈ જેવી વાત છે કે, પિતાની શિખામણ એના પુત્રો માનતા નથી. પરંતુ બીજા યુવાન માણસો ઘણું બધું શીખે છે અને પોતાના જીવનમાં ઉતારે છે. એક અમેરિકન ધનપતિ જેક્સન બ્રાઉને પોતાના પુત્રને આપેલી કેટલીક શિખામણ અહીં સાભાર રજૂ કરેલ છે. જે કોઈ તેના ઉપર અમલ કરવા ઈચ્છે તેને જરૂર ઉપયોગી થશે.

૧. સારી રીત ભાત પણ ભૂલી જવાય એટલી હદે તારા અધિકાર વિષે સભાન ન બનીશ.
૨. કોઈના સ્વપ્ન ઉપર ક્યારેય હસીશ નહિ.
૩. નાનકડો મતભેદ કે ઝઘડો સાચી મૈત્રીને હાનિ ન પહોંચાડે તેનો ખ્યાલ રાખજે.
૪. તારી પાછળ ઊભેલી વ્યક્તિને પણ કોઈવાર આગળ જવાની તક આપજે.
૫. જો શક્ય હોય તો, લોકોની અપેક્ષા કરતા તેમને થોડું વધારે આપજે ખુશ થઈને આપજે.
૬. કોઈ પાસેથી કશું જાણવું હોય ત્યારે વિવેકથી પણ બે વાર પૂછજે.
૭. પ્રાર્થના કરવાનું ન ભૂલીશ, પ્રાર્થનામાં અમાપ, અપાર શક્તિ રહેલી છે.
૮. વાત કરતી વખતે માણસની આંખમાં તાકીને વાત કરજે.
૯. પોતાની કમણી કરતાં ઓછો ખર્ચ થાય એ રીતે તારું જીવન ગોઠવજે.
૧૦. નવા મિત્રો બનાવજે, પરંતુ જુની મૈત્રીનો આનંદ માણવાનું ક્યારેય ભૂલીશ નહીં.
૧૧. ખૂબ જ અઘરું હોવા છતાં તારા રહસ્યો બીજાને કહેવાની ઈચ્છાને રોકી રાખજે.
૧૨. બીજા તરફથી તું જેવા વર્તનની અપેક્ષા રાખે તેવું વર્તન તેમના તરફ કરજે.
૧૩. પોતાની ભૂલ કબૂલ કરવામાં સંકોચ રાખીશ નહિં.
૧૪. પોતાના માણસો તરફ ઉદારતા બતાવવામાં કે તેમને જરૂરી આર્થિક ટેકો આપવામાં પાછી પાની કરીશ નહિ.
૧૫. યુદ્ધ જીતવા માટે લડાઈ હારવાની તૈયારી રાખજે.
૧૬. કામ પુરું ન થાય એ પહેલાં એના પૈસા ચૂકવીશ નહિ.
૧૭. જે માણસને કશું જ ગુમાવવાનું ન હોય એવા મરણિયા માણસથી હંમેશા ચેતતો રહેજે.
૧૮. જે વસ્તુ પાંચ વર્ષથી વધુ વાપરવાની હોય તે તારી હેસિયત પ્રમાણે સારામાં સારી હોય તેવી ખરીદજે.
૧૯. મુલતવી રાખવાની ટેવ ન પાડીશ, એ કુટેવ ઘણું નુકશાન કરી શકે છે.
૨૦. હું નથી જાણતો એમ કહેવામાં શરમ ન અનુભવીશ, એ જ રીતે હું દિલગીર છું એમ કહેવામાં પણ સંકોચ ન રાખીશ.
૨૧. કદી ગપ્પાં મારીશ નહિ.
૨૨. કોઈ સાથે ક્યારેય છેતરપિંડી કરીશ નહિ.
૨૩. ગુસ્સામાં હો ત્યારે કોઈ નિર્ણય કે કામ ન કરીશ.
૨૪. કોઈ ભૌતિક વસ્તુ માટે નહિ પરંતુ ડહાપણ અને હિંમત માટે હંમેશા ઈશ્વરને પ્રાર્થના કરજે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા
## શ્રદ્ધાંજલિ



### શ્રી કનુભાઈ અંબાલાલ ઠાકર

જન્મ તારીખ – ૨૮-૦૯-૧૯૪૩ દેહવિલય – ૦૯-૦૩-૨૦૧૯

સુખેથી સંસારને સજાવી સમજાવી ગયું સંબંધોને પારેવડું,
હજી તો પળ પણ નથી વીતી ત્યાં પારકું બનાવી ઉડી ગયું પારેવડું."

સ્વ. શ્રી કનુભાઈ એ સંસ્કારી બ્રાહ્મણ પરિવારમાં માતા કમળાબેનના ખોળે તા. ૨૮-૦૯-૧૯૪૩ના શુભદિને જન્મ થયેલ તેઓશ્રીએ સ્વતંત્ર ભારતના શિક્ષણ યજ્ઞમાં ૧૯૬૨માં માદરે વતન નરસંડાથી એસ.એસ.સી. પાસ કરી ૧૦મી ઓગષ્ટ ૧૯૬૩ના રોજ પ્રાથમિક શાળા આશાપુરા, જી. આણંદથી શિક્ષણ જગતમાં પગરવ માડેલ ત્યારબાદ તેઓ નડિયાદ તાલુકાના ગુતાલ, રાજનગર, ભુમેલ પ્રાથમિક શાળામાં જ્ઞાન-ચારિત્ર્ય અને એક્તાના કાર્યમાં અમૂલ્ય સેવા આપેલ અને તેઓ છેલ્લે ભૂમેલમાં તા. ૩૦-૧૦-૨૦૦૧ના શુભ દિને આચાર્ય તરીકે વયનિવૃત્ત થયેલ.

તેઓના ગૃહજીવનમાં તેઓના ધર્મપત્ની ઈન્દિરાબેન પણ ૧૯૬૭માં જોડાયા. તેઓના દાંપત્યજીવન દરમ્યાન ૩ દિકરી મેળવવામાં સહભાગી થયા. ત્રણેય દિકરીઓને સારો અભ્યાસ કરાવી સારા ઘરે વળાવી તેઓ પોતાના વતન તથા સમાજમાં એક વિશિષ્ટ વ્યક્તિ તરીકે જીવન જીવ્યા.

ફાગણ સુદ ત્રીજને તા. ૦૯-૦૩-૨૦૧૯ને રોજ ૭૬ વર્ષની જૈફ ઉંમરે તેઓશ્રી પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વ અને શિક્ષણ સંસ્કારની એક ઊંડી છાપ સાથે આ સંસારને છોડી મોક્ષના માર્ગે ગયા.

**ગં.સ્વ. ઈન્દિરાબેન કનુભાઈ ઠાકર**

| | |
|---|---|
| **અ.સૌ. મીતા યોગેશભાઈ દવે** | **યોગેશભાઈ જે. દવે** |
| **અ.સૌ. ભારતી રજનીકાંતભાઈ પટેલ** | **રજનીકાંતભાઈ બી. પટેલ** |
| **ગં.સ્વ. દિપીકા સુનીલભાઈ દવે** | **સ્વ. સુનીલભાઈ આઈ. દવે** |

**નિધી – પાર્થ – કૈવલ્ય – વ્રજ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



### સ્વ. કાન્તાબેન ચીમનલાલ દવે (ઉમરેઠ)

પત્નીશ્રી – સ્વ. ચીમનલાલ હરિપ્રસાદ દવે (માસ્તર)

સ્વર્ગવાસ તારીખ – ૧૯-૦૫-૧૯૫૮

**મારી માં – કંઈક તો ખોવાય છે....**

આજે પણ સવારે આંખો ખૂલે ત્યારે, લાગે ઘરમાં કંઈક ખોવાય છે ?
આમ તેમ નજર કરૂં તો લાગે, નાહવાનો રૂમાલ ખોવાયો કે ઈસ્ત્રીમાં આપેલ કપડાં ખોવાય છે.
નજર પડી તો, ના રૂમાલ કે ઈસ્ત્રીમાં આપેલ કપડાં ખોવાયા,
પછી ખબર પડી કે એ યાદ કરાવતો અવાજ જ ખોવાય છે.
લાગે છે કે ઘરમાં કોઈ જગ્યા ખાલી છે ?
વિચાર્યું કે સોફા કે પલંગમાં જગ્યા ખાલી છે, જઈને જોયું તો ના સોફા કે ના પલંગ ખાલી છે,
ખબર પડી તો યાદ આવ્યું કે, એની ઉપર બેસનારું કોઈ ખોવાય છે.
લાગે છે ઘરના રસોડામાં કંઈક રંધાય છે ?
શ્વાસ લઈને જોયું તો લાગ્યું અડદિયા ને ચુરમાના લાડુ રંધાય છે.
જઈને જોયું તો ના અડદિયા કે ના ચુરમાના લાડુ રંધાય છે.
ખબર પડી તો યાદ આવ્યું કે, એના બનાવનાર જ ખોવાય છે.
લાગે છે આજકાલ એક-બે રોટલી ઓછી ખવાય છે !
ધ્યાન આપ્યું તો રોટલી એટલી જ ખવાય છે, પણ હજુ એક ખવાય એવું કહેનારૂં ખોવાય છે.
લાગે છે કે ઘરની બહાર ફોનનું નેટવર્ક ઓછું પકડાય છે
ફોનમાં જોયું તો નેટવર્ક ફુલ પકડાય છે, ખબર પડી તો યાદ આવ્યું કે,
"ક્યારે આવીશ" વારે વારે એવો ફોન કરનાર ખોવાય છે.
લાગે છે ઘરમાં એક ઓશીકું ખોવાય છે,
નજર કરી તો ઓશિકું ત્યાં જ છે, પણ જે ખોળામાં સુઈને દુનિયા ભુલાય એ ખોળો ખોવાય છે.
લાગે આજકાલમાં ઓછું સંભળાય છે
ખાતરી કીને જોયું તો દૂરની બૂમ સંભળાય છે. ખબર પડી તો યાદ આવ્યું
"બેટા બેટા કહીને બોલાવતી ખોવાય છે."
સપનામાં લાગે છે મારી દુનિયા ખોવાય છે
આજે ઘણા વર્ષ પછી પણ આંખ ખોલીને જોવું તો "મારી માં" જ ખોવાય છે.

**લી.**

**શીલાબેન નવનીતલાલ જોષી (પુત્રી)**

**હેતલ પ્રશાંત ભટ્ટ (ભાણી)** **રીકેશ એન. જોષી (ભાણો)**

**શ્રદ્ધા એપાર્ટમેન્ટ, ઈસનપૂર રોડ, મણીનગર, અમદાવાદ**

## શ્રી સુરત બાજખેડાવાળ મહિલા મંડળ

૭/૨૪૫૬, જબરેશ્વર મહાદેવ ચોકી શેરી, સૈયદપુરા, સુરત-૩૯૫૦૦૩

સવિનય જણાવવાનું કે મંડળમાં ફેબ્રુઆરી અને માર્ચ માસમાં નીચે મુજબ કાર્યક્રમ યોજાયા હતા. જેની પત્રિકામાં નોંધ લેવા વિનંતી છે.

તા. ૨-૨-૧૯ શનિવારે ૪.૦૦ કલાકે સિનીયર સિટીઝન બાગમાં, સભ્ય બહેનો-બાળકોએ "ડબ્બા ઉજાણી" દ્વારા વિવિધ વાનગીઓનો લુત્ફ ઉઠાવ્યો હતો.

શરૂઆત નેહાબેન કંચનવાળા અને કૃણાલબેન દવેની પ્રાર્થનાથી થઈ હતી. પ્રમુખે સહુને સસ્નેહ આવકાર્યા હતા.

સર્વ પ્રથમ તો સમગ્ર વર્ષ દરમિયાન વધુ હાજર રહેનાર સભ્યો, વર્ષની પ્રથમ માસમાં જ ફી ભરનાર સભ્યોનો લકી ડ્રોના ઈનામ તથા રમતોમાં વિજેતા થનાર બહેનોને ઈનામો એનાયત કર્યા હતા.

બહેનોની પ્રિય અંતાક્ષરીની રમઝટ મનભાવન રહી.

તા. ૨-૩-૧૯ને શનિવારે પૂર્ણિમાબેન કંચનવાલાના નિવાસસ્થાને નેહાબેન, પૂર્ણિમાબેન તથા ભાવનાબેન કંચનવાલા ત્રિપુટી બહેનોના યજમાન પદે મળી હતી. મિટીંગની શરૂઆત પ્રાર્થનાથી નેહાબેન કંચનવાળાએ કરાવી હતી.

સભ્યોને આવકાર આપવો પ્રમુખની ગમતી પ્રવૃતિ છે.

**શ્રદ્ધાંજલી**

પ્રાર્થના બાદ ૧૪ ફેબ્રુઆરીના રોજ પૂલવામા (કાશ્મીર)માં શહાદતને વરેલા આપણા વીર જવાનો-શહીદોને બે મિનીટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપી હતી.

તિલ્લોત્તમાબેન દવેએ શહીદોને બિરદાવી બહેનોને દુશ્મન દેશોમાં બનેલી ચીજો તથા કાશ્મીર-અમરનાથ પ્રવાસ ટાળવા વિનંતી કરી હતી.

રમતો

બહેનોનાં મનોરંજનાર્થે બે રમતો (૧) લખવાની (૨) હાઉસી રમાડવામાં આવી જેમાં ઈનામો, યજમાન બહેનોએ આપ્યા હતાં.

અંતમાં ફરાળી અલ્પાહાર-ઠંડા પીણાનો આસ્વાદ માણી એપ્રિલ માસની સભામાં મળવાના વાયદા સાથે છૂટા પડયા હતા.

**તિલોત્તમા દવે - પ્રમુખ**

## શ્રી સુરત બાજખેડાવાળ સમાજ

૭/૨૪૫૬, જબરેશ્વર મહાદેવ ચોકી શેરી, સૈયદપુરા, સુરત-૩૯૫૦૦૩ ફોન - ૨૭૪૧૧૫૪૯

શ્રી સુરત બાજખેડાવાળ સમાજની વાર્ષિક સામાન્ય સભા, ઈનામ વિતરણ અને સ્નેહમિલન સમારંભ તા. ૧૦-૨-૨૦૧૯ના રવિવારના વસંતપંચમી તિથિએ રાખવામાં આવેલ. સંપૂર્ણ સમારંભ શ્રી રંગભવન જીવનભારતી સ્કૂલ, નાનપુરા, સુરત મુકામે સાંજે ૪.૦૦ વાગ્યાથઈ ૯.૦૦ વાગ્યા

દરમ્યાન ઉત્સાહભેર પરિપૂર્ણ થયેલ. સમારંભની શરૂઆતમાં સમાજના ટ્રસ્ટીશ્રીઓ અને સભ્યો દ્વારા સામાન્ય સભા મળી હતી. જેમાં સમાજના ટ્રસ્ટીશ્રી સુંદરલાલ ઉમિયાશંકર જોશી, ડૉ. કેતનભાઈ શેલત, શ્રી ઘનશ્યામ રતિલાલ ત્રિવેદી તથા સમાજના પ્રમુખ ડૉ. કૃષ્ણકાંત ભટ્ટ કે જેઓ ગુજરાત ફીઝીશીયન એસોસીએશનના પ્રમુખ છે તથા સુરતમાં મેડિકલ ફેકલ્ટીના ડીન પણ છે. તેઓએ સમાજનો વાર્ષિક અહેવાલ અને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. સામાન્ય સભાનું સંચાલન સમાજના મંત્રીશ્રી જતીનભાઈ દવે દ્વારા થયું અને ચર્ચા-વિચારણાના અંતે પ્રમુખશ્રી તેમ જ હોદ્દેદારો જુના ચાલુ રાખવાનુ નક્કી કરી સભા પૂર્ણ થઈ હતી.

સામાન્ય સભા, ઈનામ વિતરણ અને સ્નેહમિલન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. કેતનભાઈ શેલત ઉપસ્થિત રહ્યા હતા. જેઓ સુરત બાજખેડાવાળ સમાજના ટ્રસ્ટી હોવાની સાથે સુરતના જાણીતા બાળરોગ નિષ્ણાંત પણ છે. તેમના વરદહસ્તે દીપપ્રાગટ્ય કરીને ઈનામ વિતરણ અને સ્નેહમિલન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો અને તેમણે તેમના પ્રવચનમાં સમાજના જ્ઞાતિજનોને પ્રોત્સાહિત કર્યા હતા.

મુખ્ય મહેમાન અને ટ્રસ્ટીશ્રીઓના હસ્તે સમાજના બાળકોને શૈક્ષણિક પ્રસિદ્ધિ બદલ ઈનામોનું વિતરણ કરી તેમને સન્માનીત કરવામાં આવ્યા હતા. જેમાં જુનીયર કે.જી., સીનીયર કે.જી. ધોરણ ૧ થી ધોરણ ૧૨ તથા કોલેજ કક્ષાએ અને રમતગમત ક્ષેત્રમાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતા. સમાજના જોશી શિવમ હર્ષદકુમારને બેચલર ઓફ સિવિલ એન્જીનીયરીંગમાં ગોલ્ડમેડલ મેળવવા બદલ સમાજ તરફથી તેમને શિલ્ડ અને રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

ઈનામ વિતરણ અને સ્નેહ મિલનના આ કાર્યક્રમને સંગીતમય બનાવવામાં આવ્યો હતો. ગીત ગાયનના કાર્યક્રમને સમારંભમાં વણી લેવામાં આવ્યો હતો. જેમાં સમાજના કેટલાક જ્ઞાતિજનોએ ગીતો રજૂ કરી કાર્યક્રમને સંગીતમય બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. રૂપેશ નંદકિશોરભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. સમારંભના અંતે સર્વે જ્ઞાતિજનો સમૂહ ભોજન લઈને છૂટા પડ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સંપૂર્ણ કાર્યક્રમ જીવનભારતી ટ્રસ્ટના રંગભવનમાં આયોજન કરવામાં આળેલ જેનો સંપૂર્ણ ખર્ચ સમાજના ટ્રસ્ટીશ્રી ડૉ. કેતન શેલત દ્વારા કરવામાં આવેલ.

શ્રી સુરત બાજખેડાવાળ સમાજના સભ્યો, હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યો હિતવર્ધક સભાના માજી પ્રમુખશ્રી સ્વ. શ્રી શૈલેન્દ્રભાઈ દવેના અવસાનથી દુ:ખની લાગણી અનુભવીએ છીએ તથા ઈશ્વર તેમના દિવંગત આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી પરમ કૃપાળુ પરમાત્માને હૃદયથી પ્રાર્થના કરીએ છીએ.

તથા એમના કુટુંબીજનો પર આવી પડેલ આફતને સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના. સ્વ.શ્રીએ કરેલ સમસ્ત બાજખેડાવાળની સેવા હરહંમેશ યાદ રહેશે.

**ડૉ. કૃષ્ણકાન્ત એન. ભટ્ટ**
**પ્રમુખશ્રી-સુરત**

## श्री बाजखेडावाल ब्राह्मण युवा परिषद

चीतरी, डूंगरपूर, राजस्थान (मो.) ९४१३२१४०९१

चीतरी बाजखेडावाल ब्राह्मण समाज का प्रतिभा सन्मान समारोह रविवार को नोहरा नादिया में अखिल भारतीय बाजखेडावाल ब्राह्मण समाज अध्यक्ष प्रणवभाई जोशी नडियाद गुजरात के मुख्य आतिथ्य में हुआ। कार्यक्रम अध्यक्ष प्रधानाचार्य महेशकुमार शर्मा, विशिष्ट अतिथि दिनेश दवे बडगी नरहरी वैद्य नादिया, पंकज त्रिवेदी, शुक्ल आंजना, कमलेश्वर महादेव के महन्त गजानन्द गिरि, कामांक्षा नरसिंग होम सागवाड़ा के विपिन पंड्या रहे। कार्यक्रम के दौरान शिक्षा के क्षेत्र में प्रतिभाशाली १७० प्रतिभाओं के साथ ४७ राजकीय सेवा में नवनियुक्त कर्मचारी, समाजसेवी, भामाशाह, सेवा निवृत्त कर्मचारी एवं खेल प्रतिभाओं को सन्मानित किया। चिकित्सा के क्षेत्र में चिकित्सक बने प्रतिभाओं के साथ अन्य क्षेत्र की प्रतिभाओं, प्रतियोगिता में विजता व उपविजाताओं को नवाजा। समारोह के दौरान क्रिकेट प्रतियोगिता में रोयल गेम चेंजर नादिया विजेता वय उपविजेता सुपरकिंग चीतरी को सन्मानित किया। सर्वश्रेष्ठ बल्लेबाज जयकुमार जोशी नादिया, गेंदबाज हर्षद ठाकर एवं आलराउण्डर रहे नयनकुमार शर्मा को भी सन्मानित किया गया। बालीबॉल में कप्तान शशिकांत जोशी के सानिध्य में चीतरी विजेता रही। बेडमिन्टन बालक वर्ग में नयन शर्मा व शशांक जोषी विजेता रहे, बालिका वर्ग में ध्रुवी जोशी व ईशा कुमारी जोशी विजेता रही। समारोह के दौरान सांस्कृतिक प्रस्तुतियां दी गई। संचालन मैत्री जोशी ने दिया। आभार हंसमुख जोशी ने व्यक्त किया। समारोह के दौरान भूपेन्द्र जोशी, दिलीप जोशी, भावेशी जोशी, धवल ठाकर, कल्पेश जोशी, मदनकुमार ठाकर सहित कई युवाओं ने योगदान दिया।

**- हर्षद ठाकर चितरी**

## *શ્રી બાજખેડાવાળ સમાજ - નડિયાદ*

*બાજખેડાવાળ હોલ, છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર સામે, નડિયાદ-૩૮૭૦૦૧*

*ફોન - ૦૨૬૮-૨૫૬૬૩૮૪*

### *નડીયાદ બાજખેડાવાળ સમાજ દ્વારા બીજી મેરેજ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ*

*સને ૨૦૧૨માં શ્રી બાજખેડાવાળ સમાજ નડીયાદના તત્કાલીન પ્રમુખ શ્રી રાકેશભાઈ પંડ્યા, મંત્રીશ્રી ધર્મેશભાઈ દેસાઈ અને કન્વીનર શ્રી પ્રણવ જોષી એ પ્રથમ મેરેજ કોન્ફરન્સ કરેલ ત્યારબાદ તાજેતરમાં તા. ૩૧-૩-૧૯ના રોજ બીજી મેરેજ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત ગુરૂદેવ શ્રી સ્નેહલભાઈ દવે એ પ્રાર્થનાથી કરાવેલ. ત્યારબાદ પ્રમુખ પ્રણવ જોષીએ સૌ હાજર યુવક યુવતી અને વાલીઓને આવકાર આપી અને તેમની મનોકામના પુરી થાય અને સુપાત્ર મળે તેવી શુભેચ્છા આપેલ. ત્યારબાદ ખેડા જિલ્લા સરકારી વકીલ શ્રી પરેશકુમાર ધોરા કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે હાજર રહી અને*

દિપ પ્રાગટ્ય કરેલ. ત્યારબાદ કન્વીનર શ્રી ધર્મેશભાઈ દેસાઈ શાબ્દિક ઉદ્‌બોધન કરેલ. ત્યારબાદ મંત્રીશ્રીએ સમાજની કામગીરી અંગેની માહિતી આપેલ. ત્યારાબદ ગુરૂદેવએ આશીવચન પાઠવેલ. ત્યારબાદ મુખ્ય અતિથીશ્રી પરેશભાઈ ધોરાએ યુવતીઓની સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરેલ. તેમજ આ અંગેના કારણો તથા આપણી કાર્યપદ્ધતિ અંગે માહિતી આપેલ. આ સાથે સાથે ભાગ લેનાર ૧૩૯ યુવક અને ૩૪ યુવતીઓને શુભેચ્છા પાઠવેલ. ત્યારબાદ સહ કન્વીનર શ્રી રાકેશભાઈ પંડ્યાએ સૌનો આભાર માનેલ. ત્યારબાદ યુવક અને યુવતીઓને વાલી સાથે સ્ટેજ ઉપર બોલાવી અને પરીચય આપવામાં આવેલ. ત્યારબાદ પેપર લેશ વર્ક કરવાના ઈરાદે તેમજ ડીજીટલ ટેકનોલોજીનો સદ ઉપયોગ કરવા માટે આઈઆરએફડી કાર્ડ શ્રી પરેશભાઈ ધોરાના હસ્તે લોન્ચીંગ કરવામાં આવેલ. જેની સમજ પ્રમુખશ્રી એ આપેલ. ત્યારબાદ શ્રી પરેશભાઈએ શાબ્દીક કારોબારીની પ્રસંશા કરેલ. ત્યારબાદ પસંદગીના પાત્ર માટે મીટીંગ કરવા માટે એ.સી. હોલમાં વ્યવસ્થા કરવામાં આવેલ. ત્યારબાદ ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ. જેની જવાબદારી શ્રી મુકુંદભાઈ ઢગટ, શ્રી રમેશભાઈ જોષીએ નિભાવેલ. કાર્યક્રમની વ્યવસ્થા શ્રી હિતેશ દવે, અમીતભાઈ ઠાકર, ભાવનાબેન ઠાકર, અસ્મીતાબેન દવે, ધવલભાઈ ત્રિવેદી, ઘનશ્યામભાઈ પંડ્યાએ કરેલ.

આ ઉપરાંત બાલાજી ઓચ્છવના ભોજન પાસનું વિતરણ ચાલુ છે. જે કાર્યાલયમાંથી મેળવી લેવાના રહેશે તેમજ ચોપડા વિતરણ તા. ૯-૬-૧૯, રવિવાર સવારે ૯ કલાકે આપણા હોલમાંથી કરવામાં આવશે. વધુ વિગત માટે કાર્યાલયમાં સંપર્ક કરશો.

**દિનેશભાઈ રામનારાયણ જોષી** — **મંત્રી**

**પ્રણવ શશીકાન્તભાઈ જોષી** — **પ્રમુખ**

## શ્રી કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

કણજરી, તા. નડીયાદ (મો.) ૯૪૨૬૪૬૭૮૦૦

### મહાશિવરાત્રીની ધામધુમથી ઉજવણી

જય મહાદેવ સાથે જણાવવાનું કે કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ દ્વારા તા. ૪-૩-૨૦૧૯ના રોજ મહાશિવરાત્રી નિમિત્તે જ્ઞાતિના શિવભક્તો દ્વારા મહાશિવરાત્રીની ધામધૂમથી ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સવારે નીલકંઠ મહાદાવ તથા ધોળેશ્વર મહાદેવ ખાતે પૂજા તથા રૂદ્રીપાઠનું યુવાનો દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ.

બપોર પછી શિવજીની શોભાયાત્રા નિલકંઠ મહાદેવથી નીકળીને ધોળેશ્વર મહાદેવ, કામનાથ મહાદેવ અને અંબાજી મંદિર થઈને સાંજે નિલકંઠ મહાદેવ ખાતે નિર્વિઘ્ન પૂર્ણ કરવામાં આવી હતી. જેમાં ગામના વડીલો, યુવાનો, બાળકો બહેનો તથા શિવ ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાવ લીધો હતો.

### શુભેચ્છા ભેટ

કણજરી નિવાસ શ્રી ભરતભાઈ અંબાલાલ દવેના સુપુત્ર વૈભવભાઈના લગ્ન નિમિત્તે કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજને રૂ. ૫૦૧/- રૂપિયા ભેટ મળેલ છે.

કણજરી નિવાસી હિતેશભાઈ રાજેન્દ્રભાઈ દવેનો સુપુત્ર મિતના લગ્નપ્રસંગે કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજને રૂ. ૫૦૧/- ભેટ મળેલ છે.

કણજરી નિવાસી શૈલેષભાઈ રમેશભાઈ વ્યાસની સુપુત્રી ચિ. અર્પિતાના લગ્નપ્રસંગે કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજને રૂ. ૨૫૧/-ની ભેટ મળેલ છે.

કણજરી નિવાસી સ્વ. રમણભાઈ અંબાલાલ વ્યાસ (પાઠકકાકા) (કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજના હાલ ટ્રસ્ટી) તેમનું તા. ૨૧-૦૩-૨૦૧૯ના માંદગીને કારણે દેવલોક પામ્યા છે.

સમાજના મોભી એવા પાઠકકાકા કણજરી સમાજ માટે માર્ગદર્શક અને પથદર્શક રહ્યા છે તેમના દુ:ખદ અવસાનની સમાજ મોભી ગુમાવ્યાનું દુ:ખ અનુભવે છે.

સમગ્ર કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ તેમની આત્માને શાંતિ આપે તે માટે પ્રાર્થના કરે છે.

કણજરી નિવાસી સ્વ. મહેન્દ્રપ્રસાદ વિષ્ણુપ્રસાદ દવે (શંભુકાકા)નું માંદગીને કારણે દુ:ખદ અવસાન થયેલ છે. સમગ્ર કણજરી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ તેમની આત્માને શાંતિ આપે તે માટે પ્રાર્થના કરે છે.

– તરંગ જે. પંડ્યા

## શ્રી બાજખેડાવાળ વયસ્ક નાગરિક મંડળ, નડીયાદ

બાજખેડાવાળ હોલ, છાંગેશ્વર મહાદેવની બાજુમાં, નડીયાદ, જી. ખેડા ફોન-૨૫૬૬૩૮૪

### માસિક સામાન્ય સભા નં. ૮

આજ રોજ તારીખ ૫-૪-૨૦૧૯ને સાંજે ૫.૩૦ કલાકે બાજખેડાવાળ સમાજના હોલમાં બાજખેડાવાળ વયસ્ક નાગરિક મંડળની માસિક સામાન્ય સભા મળી હતી. પ્રમુખશ્રી મનહરભાઈ દવેએ સૌનુ શાબ્દિક સ્વાગત કર્યું. સ્મીતાબેન ઠાકરે સુંદર પ્રાર્થના કરી હતી. મંત્રીશ્રી સતિષભાઈ પંડ્યાએ ગત મીટીંગની મિનીટનું વાંચન કરેલ જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. શ્રી સતીષભાઈ પંડ્યાની મંત્રી તરીકે નિમણૂંક થયાની સભાને માહિતી આપી હતી. સભામાં હાજર તમામે તેને અનુમોદન આપેલ હતું. સ્થાપક પ્રમુખશ્રી નરહરીપ્રસાદ ઢગટે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી શુભેચ્છા પાઠવી હતી.

એપ્રીલ ૨૦૧૯ના માસમાં જે સભ્યોની જન્મ તારીખ આવે છે તેમનું સ્વાગત કરવામાં આવેલ તથા મંડળ તરફથી ભેટ આપવામાં આવેલ તે બાદ જન્મદીન ગીત ગાઈ સૌએ શુભેચ્છા પાઠવી હતી.

એપ્રીલ ૨૦૧૯ના માસમાં જે સભ્યોની જન્મ તારીખ આવે છે. તેમનું સ્વાગત કરવામાં આવેલ તથા મંડળ તરફથી ભેટ આપવામાં આવેલ. તે બાદ જન્મદીન ગીત ગાઈ સૌએ શુભેચ્છા પાઠવી હતી.

આજના કાર્યક્રમમાં અગાઉથી જણાવ્યા મુજબ મારા જીવનના યાદગાર પ્રસંગો રજૂ કરવાની તક સભ્યોને આપવામાં આવી હતી. તેમાં (૧) શ્રી અશોકભાઈ એચ. દવે (૨) અરવિંદભાઈ જી. દેસાઈ (૩) શ્રી ઠાકોરભાઈ ભટ્ટ (૪) શ્રી રમેશભાઈ આર. દવે તથા (૫) શ્રી પ્રમોદરાય ભટ્ટ તથા (૬) શ્રીમતી હેમલતાબેન દેસાઈએ તેમના જીવનના યાદગાર પ્રસંગો રજૂ કર્યા હતા.

મુલ્યાંકનકાર તરીકે (૧) શ્રીમતી કોકીલાબેન જોષી (૨) શ્રીમતી હસુમતીબેન એન. ભટ્ટ (૩) શ્રીમતી સુધાબેન જીતુભાઈ દવેને નિર્ણાયક તરીકેની સેવાઓ આપેલી. નિર્ણાયકશ્રીઓના અભિપ્રાય મુજબ અત્રે રજુ થયેલા જીવનના તમામ યાદગાર પ્રસંગો સુંદર પ્રેરણાદાયી અને

જીવન ઘડતર માટે માર્ગદર્શક બની રહે તેવા હતા. પરિણામે દરેકને સરખું મહત્વ આપીને તમામને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જ્ઞાતિ મંડળના એક સભ્યે શુભેચ્છા તરીકે દરેક સભ્યને રૂ. ૧૦૦નું ઈનામ આપવા આપેલા. સ્પર્ધકોએ તેમને મળેલી ઈનામની રકમ સંસ્થાને પરત કરી હતી અને તેમાં પણ પ્રમોદરાય ભટ્ટે તેમને ભજનસ્પર્ધામાં મળેલ રૂપિયા ૧૦૦ની રકમ પણ સંસ્થાને પરત આપીને ઉમદા ઉદાહરણ પુરૂં પાડ્યું હતું.

પ્રમુખશ્રીએ આગામી નવા વર્ષની સભ્ય ફી ભરવા માટે શ્રી પ્રજ્ઞેશભાઈ દેસાઈ પાસેથી ફોર્મ મેળવીને ફી સાથે વહેલી તકે જમા કરાવવા જણાવેલ. નવા વર્ષની સભ્ય ફીમાં કોઈ વધારો કરેલ નથી એટલે દરેક સભ્યએ રૂ. ૫૦૦ રીન્યુઅલ ફી તરીકે આપવાના રહેશે.

આ સંસ્થાનો સ્થાપના દિન તારીખ ૫-૫-૧૯ના રોજ ઉજવવામાં આવનાર છે. આ પ્રસંગે શ્રી સત્યનારાયણની કથા કરવાનું નક્કી કરેલ છે. આ પંદરમો સ્થાપના દિન છે. આ સભાનું આયોજન સવારે ૯.૩૦ કલાકે બાજખેડાવાળ સમાજના હોલમાં રાખવામાં આવેલ છે.

આ કથામાં વિષ્ણુયાગની પુજામાં મુખ્ય યજમાન અને સહ યજમાન નોંધવાનું કામ ચાલુ છે. તેમાં દરેક સભ્યો ભાગ લેવા પ્રમુખશ્રીએ અનુરોધ કરેલો. આ કથામાં આર્થિક સહયોગ આપવા માટે (૧) શ્રી નરહરીપ્રસાદ ઢગટ (૨) શ્રી મનોજભાઈ જે. શેલત (૩) શ્રીમતી મીનાક્ષીબેન જે. ત્રિવેદી (૪) શ્રી ઠાકોરભાઈ ભટ્ટ (૫) શ્રી રમેશભાઈ આર. દવે (૬) ડૉ. નિતીનભાઈ ભટ્ટ અને ડૉ. હસુમતીબેન ભટ્ટ તરફથી આર્થિક સહયોગ આપવાની જાહેરાત કરી હતી.

આજની મીટીંગમાં તિલક હોળી પર્વની ઉજવણી કરવામાં આવેલ તેમાં દરેક સભ્ય ભાઈઓ અને બહેનોને તીલક કરીને ફુલથી વધાવવામાં આવેલ અને દરેકને ખજુર ખવડાવવામાં આવેલ.

તા. ૨૪-૪-૨૦૧૯ના શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ નડીયાદ દ્વારા આયોજીત સમુહ યજ્ઞોપવિત અને શ્રી બાજખેડાવાળ સમાજ નડીયાદ દ્વારા આયોજીત બાલાજી ઓચ્છવમાં સર્વે સભ્યોએ સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

જન્મ દિવસ ઉજવણીમાં મળેલ રોકડ દાનની રકમશ્રી અરવિંદભાઈ દેસાઈએ જાહેરત કરી. ઉપપ્રમુખશ્રી અરવિંદભાઈ યુ. દવેએ કાર્યક્રમને અંતે આભાર વિધિ કરી. સ્વરૂચિ ભોજન લેવાનો અનુરોધ કર્યો અને આજની સભા પૂર્ણ થયાની જાહેરાત કરી.

**મનહરભાઈ જી. દવે** — **સતિષભાઈ પંડ્યા**

**પ્રમુખ** — **મંત્રી**

**શ્રી બાજખેડાવાળ વયસ્ક નાગરિક મંડળ, નડીયાદ**

---

## શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ

ફ્લેટ નં. ૨, સંન્યાસ આશ્રમ રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬ ફોન - ૨૬૭૧૩૧૦૯

શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ સહર્ષ જણાવે છે કે છેલ્લા અમુક વર્ષોથી અપાતી આર્થિક સહાય માટે વર્ષ ૨૦૧૮-૧૦માં કુલ ૧૧૫ અરજીઓ સમાજની ઓફિસમાં મળી હતી. બધી અરજીઓ તપાસ કરી દસ્તાવેજો અને આવકના હિસાબે તેમાંની ૭૬ અરજીઓ સ્વીકારી અરજદારોને તેમના બેંક ખાતામાં ૪ લાખ એંશી હજાર જેવી રાશિ તા. ૩૧-૩-૨૦૧૯ પહેલા જમા કરી આ પ્રકલ્પ પૂરો કરવામાં આવ્યો છે.

સમાજના અગ્રણશ્રી આનંદશંકર પંડ્યાજીના માર્ગદર્શન હેઠળ ૨૦૧3ની સાલમાં શરૂ કર્યો ત્યારે માત્ર ૫૦ હજારની ધનરાશિ તે સમયે ૧૦ અરજદારોના બેંક ખાતામાં સરખે ભાગે જમા કરાવી હતી. વર્ષો વર્ષ આ પ્રકલ્પમાં બીજા દાતાઓના જોડાવાથી આ રાશિ પણ વધી અને અરજદારોની સંખ્યા પણ વધીને ૧૦૦ને આંકડો વટાવી ચૂકી છે. ભવિષ્યમાં આ રાશિ ૫ લાખથી વધે એ માટે મુંબઈ સમાજ કટિબદ્ધ છે. મુખ્ય દાતાઓના નામ નિમ્ન પ્રકાર છે. (૧) શ્રી આનંદશંકર પંડ્યા રૂ. ૫૦,૦૦૦/- (૨) શ્રી ગોવિંદ શંકર પંડ્યાજી રૂ. ૯૯,૦૦૦/- (3) શ્રી પ્રવિણશંકર પંડ્યાજી રૂ. ૬૫,૦૦૦/- (૪) શ્રીમતિ પૂર્ણાબેન દવે રૂ. ૫૧૦૦૦/- (૫) શ્રી ઉદયનભાઈ ભટ્ટ રૂ. ૧૦,૦૦૦/- (૬) શ્રીમતી મીનાબેન ભટ્ટ રૂ. ૧,3૦,૦૦૦/- (ખાસ ઉમરેઠના અરજદાર માટે) (૭) શ્રી શમિકભાઈ દવે રૂ. ૭૪૨૭૦/-

શહેર-ગામ પ્રમાણે ૭૬ અરજદાર નિમ્ન પ્રકારે છે. (૧) અમદાવાદ-૪ (૨) આણંદ-૮ (3) વડોદરા-૪ (૪) ભરૂચ-3 (૫) ચેન્નાઈ-૨ (૬) ધર્મજ-૧ (૭) હેદ્રાબાદ-૧ (૮) કણજરી-૧ (૯) મુંબઈ-3 (૧૦) નડિયાદ-૧૬ (૧૧) સલૂણ-૨ (૧૨) સુણેલ-૧ (૧3) સોજીત્રા-૧૨ (૧૪) સુરત-૪ (૧૫) ઉમરેઠ-૧3 (૧૬) વસો-૧

કુલ લાભાંવિત સભ્યો ૭૬ (વિદ્યાર્થીઓ-3૭, વિધવા-3૨, તબિબી-૭)

અરજદારોને ખાસ જણાવવાનું કે સહાય મલ્યાની રસીદ (પહોંચ) મુંબઈ સમાજને વહેલી તકે મોકલી આપશો., નહી મોકલનારને ભવિષ્યમાં આવી સહાયથી બાકાત રાખવામાં આવશે વર્ષ ૨૦૧૯-૨૦ માટે પત્રિકા થકી જાણ કરવામાં આવશે ત્યારબાદ જ અરજીઓ સ્વીકારવામાં આવશે. જાહેરાત વગર મોકલેલી અરજીઓ સ્વીકારવામાં નહીં આવે.

**વિરેન્દ્ર બી. ભટ્ટ** — **ઉપપ્રમુખ**

**મહેન્દ્ર ચી. ભટ્ટ** — **પ્રમુખ**

## શ્રી તુળજા ભવાની મંદિર ટ્રસ્ટ

શ્રી તુળજામાતા, મોઢવાડા, ઉમરેઠ-3૮૮૨૨૦. જી આણંદ (ગુજરાત)

હાલમાં ચૈત્રી નવરાત્રિ દરમિયાન પીપળી માતાના રહીશ. શ્રી ચંદ્રકાન્ત કેશવલાલ ભટ્ટ તરફથી તા. ૭-૪-૨૦૧૯, ચૈત્રી સુદ-૨ના રોજ શ્રી તુળજા ભવાનીના ચોકમાં હવનનું આયોજન કરવામાં આવેલ હતું.

હવનના આચાર્ય તરીકે શ્રી અલ્પેશભાઈ દવેએ સાંજના પાંચ વાગે હવન શરૂ કરી રાત્રિના ૯ કલાકે શ્રી ફળ હોમીને પૂર્ણાહૂતિ કરેલ હતી.

આ હવનના દર્શનનો લાભ ફળીયાના રહીશો તેમજ માઈભક્તોએ ભક્તિપૂર્વક લીધેલ હતો.

